**તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે પરિવર્તન હોલ, ગાંધીનગર ખાતે નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટે કન્કરન્ટ ઓડીટરની નિમણુંક અંગેની પ્રિ–બીડ કોન્ફરન્સ મીટીંગની મીનીટસ**

સૌપ્રથમ પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાયનાન્સ), શ્રી એ. જે. રાઠવાએ મીટીંગમાં આવેલ સૌને આવકાર આપી મીટીંગની શરૂઆત કરી. જેમાં નીચે પ્રમાણેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ્સના પ્રતિનિધિઓ, કમિટિના સભ્યો તેમજ ફાયનાન્સ મેનેજમેન્ટ ગ્રુપના અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ હાજર રહયા હતા. તમામ હાજર રહેલ પ્રતિનિધિઓની માન. અધિક નિયામકશ્રી (જા.આ.) અને મેમ્બર સેક્રેટરી (એસ.એચ.એસ.) સાથે તેઓની ચેમ્બરમાં મુલાકાત કરાવી પરિચય કરાવેલ.

| | |
|---|---|
| (૧) પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાયનાન્સ)<br>(૨) વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.)<br>(૩) સ્ટેટ એકાઉન્ટસ ઓફીસરશ્રી (એફ.એમ.જી.)<br>(૪) સીની. આસીસ્ટન્ટ (એફ.એમ.જી.) | એફ.એમ.જી. સ્ટાફ |
| (૬) ફાયનાન્સ / એકાઉન્ટ ઓફીસર (તમામ) | (પ્રોગ્રામ સબકમિટિ – તમામ) |
| (૫) આર. બી. ગોહીલ એન્ડ કું. – શ્રી આર. બી. ગોહીલ<br>(૬) વેદ એન્ડ કું. – શ્રી વિજયભાઈ તેવર<br>(૭) વેદ એન્ડ કું. – શ્રી બી. સી. વ્યાસ<br>(૮) અગ્રવાલ એન્ડ ધાંધનિયા – શ્રી પુષ્પરાજ<br>(૯) એસ. કે. પાટડીયા એન્ડ કું. – શ્રી કલ્પેશભાઈ | સી.એ. ફર્મ |

વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.) એ પ્રિ–બીડ મીટીંગમાં હાજર રહેલ કચેરીના તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓનો ટુંકમાં પરિચય આપી. વર્ષ ૨૦૧૮–૧૯ ના ઓડીટ અંગેના સ્ટેટસની વિગતવાર ચર્ચા કરી અને નીચેની વિગતે પ્રિ–બીડ કોન્ફરન્સ અંગેની માહિતી આપી.

- ❖ વહીવટી અધિકારીશ્રી (એફ.એમ.જી.) એ ટેલીમાં નિભાવવામાં આવતી કેશબુક રોજબરોજ પ્રિન્ટ આઉટ કાઢી તેના પર સક્ષમ અધિકારીશ્રી પાસે અધિકૃતતા કરાવવાની હોય છે. તે અંગે વિસ્તૃત સમજ આપી. અને હાજર રહેલ સી. એ. ફર્મના પ્રતિનિધિઓને પણ ઓડીટ દરમ્યાન અધિકૃતતાવાળી કેશબુકનું જ ઓડીટ થાય તે અંગે તકેદારી લેવા જણાવેલ.
- ❖ આર. બી. ગોહીલ એન્ડ કાં. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા તાબાની કચેરી કક્ષાએ રોજબરોજ કેશબુકની પ્રિન્ટ લઈ અધિકૃતતા થતી ન હોઈ ચિંતા વ્યકત કરેલ. વધુમાં તેઓશ્રીએ સમયાંતરે કન્કરન્ટ રીપોર્ટમાં આપવામાં આવતી રિમાર્કસ પરત્વે કમ્પ્લાયન્સ થતુ ન હોવા અંગે પણ જણાવેલ છે.

  વધુમાં પ્રોગ્રામ મેનેજરશ્રી (ફાયનાન્સ) ધ્વારા ઓડીટરશ્રીઓ ધ્વારા સાદર કરવાના થતા રીપોર્ટ અત્રેની કચેરીને સમયસર ન મળતા હોવા અંગે ઓડીટરશ્રીઓનું ધ્યાન દોરેલ. જે બાબતને મીટીંગમાં ઉપસ્થિત તમામ પ્રોગ્રામ સબકમિટિના કર્મચારીશ્રીઓ ધ્વારા સમર્થન આપવામાં આવેલ. જે અન્વયે ઓડીટરશ્રીઓના જણાવ્યાનુસાર તાબાની કચેરીકક્ષાએથી ઓડીટ કરાવવા અંગે નિયત સમયમર્યાદામાં કામગીરી કરાવવા અંગે તત્પરતા ન દાખવ્યા હોવાનું કારણ જણાવેલ. જે અંગે તેમને સુચન સ્વરૂપે આવી કચેરીઓને ઓડીટ પ્રોગ્રામ તૈયાર કરી લેખિતમાં (ઈ–મેઈલથી) જાણ કરી કન્ફર્મેશન મેળવી લેવા જણાવેલ.
- ❖ આર. બી. ગોહીલ એન્ડ કાં. તેમજ વેદ એન્ડ કાં. ધ્વારા ફી નું સ્તર ખુબ જ નજીવુ હોવાની રજુઆત કરવામાં આવેલ. વધુમાં તેઓશ્રીએ ઓડીટ ફી નું ચુકવણું ત્રિમાસિક થાય તેવી વ્યવસ્થા ગોઠવવા સુચન કરેલ છે.
- ❖ સીની. આસીસ્ટન્ટ (એફ.એમ.જી.) ધ્વારા ઓડીટ કરતા સમયે ભારત સરકારશ્રી ધ્વારા વર્ષની શરૂઆતમાં મંજુર કરવામાં આવેલ પી.આઈ.પી. ધ્યાને લેવા જણાવેલ. વધુમાં પી.આઈ.પી. માં દર્શાવવામાં આવેલ મંજુર એકટીવીટી અને તે એકટીવીટી માટે મંજુર થયેલ બજેટની મર્યાદામાં જ ખર્ચ કરવામાં આવે છે કે નહી તેમજ થયેલ ખર્ચ મંજુર થયેલ પ્રવૃતિનો જ થયેલ છે કે કેમ ? તે અંગે ઓડીટરશ્રીઓને ખાત્રી કરી લેવા જણાવેલ.

  વધુમાં તેઓશ્રી ધ્વારા ભારત સરકારશ્રી ધ્વારા તમામ ચુકવણું પી.એફ.એમ.એસ. પોર્ટલ ધ્વારા જ કરવાનું જણાવેલ હોય તમામ ચુકવણું પી.એફ.એમ.એસ. પોર્ટલથી જ કરવાનું છે તે અંગે સમજ આપી તેમજ તમામ લાભાર્થીઓને કરવાનું થતુ ચુકવણું ફકત અને ફકત " DIRECT BENEFICERY TRANSFER (DBT) " ધ્વારા જ કરવાનું હોય છે તેમ જણાવેલ.

- ❖ સ્ટેટ એકાઉન્ટસ ઓફીસરશ્રી ધ્વારા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા સિકયોરીટી ડીપોઝીટ અંગે ઓડીટરશ્રીઓ ધ્વારા રજુ કરાયેલ પ્રશ્નો બાબતે RFP માં દર્શાવેલ બાબતે સમજણ પાડવામાં આવી.
- ❖ ઓડીટરશ્રીઓ ધ્વારા રજુ કરવામાં આવતા ઓડીટ રીપોર્ટ અન્વયે વધુ પ્રમાણમાં બીનજરૂરી માહિતી સાદર ન કરતા ફકત અને ફકત જરૂરી રિમાર્કસો નિયત પત્રકો સાથે રજુ કરવા જણાવેલ.
- ❖ નાણાંકીય ઉચાપત કે ગેરરીતીના કિસ્સામાં જ જરૂરી દસ્તાવેજો / આધાર પુરાવા ઓડીટ રીપોર્ટ સાથે સાદર કરવા ભાર મુકેલ.
- ❖ સ્ટેટ એકાઉન્ટ ઓફીસરશ્રી ધ્વારા ભારત સરકારને સાદર કરવાની થતી કવાર્ટરલી ઓડીટ એકઝીકયુટીવ સમરી પરત્વે ઓડીટરશ્રીઓનું ખાસ ધ્યાન દોરેલ.
- ❖ તા.૨૪/૩/૧૮ ના ધી ઈન્ડીયન એકસપ્રેસ સામયિકમાં પ્રસિધ્ધ થયેલી અંગ્રેજી જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ફાયનાન્શિઅલ બીડ ફકત અને ફકત ઓનલાઈન સબમીટ કરવા જણાવેલ. જયારે તા.૨૪/૩/૧૮ ના દિવ્યભાસ્કર સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાતી જાહેરાતમાં ફાયનાન્શીઅલ બીડ ફીઝીકલી પણ સબમીટ કરવા જણાવેલ. આમ થયેલ શરતચુક અંગે જાણ થતા મીટીગમાં હાજર રહેલ તમામ સી. એ. ફર્મના પ્રતિનિધીઓને ફાયનાન્શીઅલ બીડ ઓનલાઈન તેમજ ફીઝીકલ સબમીટ કરવા જણાવેલ.

અંતમાં ઉપરોકત તમામ મુદ્દાઓની વિસ્તૃત માહિતી સીની. આસીસ્ટન્ટ (એફ.એમ.જી.) ધ્વારા હાજર રહેલ તમામ સી.એ. ફર્મના પ્રતિનિધિઓ, ફાયનાન્સ મેનેજમેન્ટ ગૃપના સભ્યો તેમજ પ્રોગ્રામ સબકમિટીના સભ્યોનો આભાર માની કોન્ફરન્સની પુર્ણાહુતિ કરવામાં આવી.